# મોડાસાના લીંભોઈની બાળકીની હત્યા થયા બાદ પી.એમ. રીપોર્ટમાં બળાત્કાર થયાનો ઘટસ્ફોટ

મોડાસા, તા. ૨

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના લીંભોઈ ગામની ૮ વર્ષની / યુવતીની હત્યા કર્યા બાદ દિનેશ ઉર્ફે કાળાભાઈ મણીભાઈ વસાવા ઉ. ૨૦ (લીંભોઈ)એ અવાવરું જગ્યાએ આવેલા કૂવામાં મૃતદેહ નાંખી દીધો હતો. શકના આધારે પોલીસે આ યુવકની ધરપકડ કરી કડક તપાસ હાથ ધરતા આ આરોપી નરાધમ યુવકે પોપટની જેમ અંગત અદાવતમાં બાળકીની હત્યા કરી મૃતદેહનો નિકાલ કરી દીધેલ હતો તેવું જણાવ્યું હતું.

પોલીસથી બળાત્કારની ઘટના છૂપાવતો હતો. પરંતુ મોડાસા પોલીસે કૂવામાંથી મળી આવેલી બાળકીના મૃતદેહને મોડાસાની સરકારી દવાખાનામાં પી.એમ. માટે મોકલી આપ્યો હતો. જેનો પેનલ ડૉક્ટર દ્વારા સાંજે પી.એમ. રીપોર્ટમાં આ ફૂલ જેવી બાળકી ઉપર આ નરાધમ બળાત્કારી યુવક દ્વારા બળાત્કાર ગુજાર્યા બાદ પકડાઈ જવાના ડરના કારણે હત્યા કર્યાનો ખુલાસો થયો હતો. આ બળાત્કારી યુવક લીંભોઈ ગામમાં આવેલી પંક્ચરની દુકાનમાં નોકરી કરતો હતો. દિનેસ વસાવા આ ફુલ જેવી બાળકી પર દુષ્કૃત આચર્યા બાદ હત્યા કરીને મૃતદેહને કૂવામાં નાંખી દઈને પાછો લીંભોઈ ગામમાં પરત ફરી આ નરાધમ યુવક પણ કોઈ શકના કરે એટલા માટે આટલો ભયંકર ગુનો કર્યા હોવા છતાં બેખોફ અને ચહેરા ઉપર ડરની કોઈ જ ભાવના વગર અપહત્ય બાળકીની શોધખોળમાં જોડાઈ ગયો હતો. પરંતુ તેનો આ ગુનો વધારે સમય માટે છુપાવી શક્યો ન હતો. કારણ કે જે બાળકીની હત્યા કરી હતી તે બાળકીના કાકાના દિકરાએ છેલ્લે નેહા નામની ૮ વર્ષની બાળકીને સાથે જોઈ હતી અને આ હકીકતના આધારે પોલીસે થોડાક જ સમયમાં આરોપીની ધરપકડ કરી લીધી હતી.

આ આરોપી પર મોડાસા રૂરલ પોલીસ સ્ટેશને અપહરણ, મૃત્યુ તેમજ બળાત્કારની વધારાની કલમ ઉમેરી કાયદેસરની ધરપકડ હાથ ધરી છે. લીંભોઈ ગામમાં આ યુવકે બળાત્કાર ગુજાર્યા હોવાનો રીપોર્ટની જાણ થતાં જ ગ્રામજનોએ આ નરાધમ યુવકને ફાંસીને માચડે લટકાવી દેવાની ઉગ્ર માંગ ઉઠી હતી. જેથી આના જેવા ગુનો આચરતા પહેલા બીજા લોકો પણ સોવાર વિચાર કરે.



ધનસુરા નજીક હિરાખાડી કંપામાં મોડાસાની નવચેતન પેથોલોજી લેબોરેટરી અને રામાણી મેમોરીયલ બ્લડ બેંક તરફથી નિઃશુલ્ક હેલ્થ ચેક-અપ કાર્યક્રમ યોજાયો હતો. આ હેલ્થ ચેકઅપમાં થેલેસેમીયા અવેરનેશ, હેલ્થ અવેરનેશ, બ્લુડ ગૃપીંગ, ડાયાબીટીસ અવેરનેશ અને ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા. (તસવીર : બાબુભાઈ પટેલ, વડાગામ)

# BRTSમાં નજર ચુકવીને લૂંટ કરતી ટોળકી ઝડપાઈ

અમદાવાદ, તા. ૨

બીઆરટીએસની બસમાં નજર ચુકવી લૂંટ કરતી ટોળકીને પકડી પાડવામાં અને તેમની પાસેથી મુદ્દામાલ કબજે કરવામાં પોલીસને સફળતા હાથ લાગી છે. આ ટોળકીને સોનાની નવ ચેઈન સાથે પકડી પાડવામાં સફળતા મળી છે.આ સોનાની ચેઈનની કિંમત ૩૨૭૦૦૦ હોવાનું જાણવા મળ્યું છે.

ચોરી કરવામાં આવેલી ચેઈન માણેકચોકમાં વેચવા જઈ રહ્યા હતા ત્યારે રંગેહાથ ઝડપાઈ ગયા હતા. ઝડપાયેલા તમામ શખ્સો સામે ઉંડી તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસને બાતમી મળ્યા બાદ તપાસ હાથ ધરવામાં આવી હતી. અમદાવાદ શહેરમાં મિલકત સંબંધિત ગુનાઓ શોધવા પેટ્રોલિંગ ઉપર પોલીસ ટુકડી હતી ત્યારે બાતમી મળી હતી. પોલીસને એવી બાતમી મળી હતી કે, તડિપાર થયેલા અને વોન્ટેડ એવા રીઢા ગુનેગારો અમદાવાદ શહેરમાં બીઆરટીએસ રુટમાં સ્માર્ટકાર્ડ આધારે મુસાફરી કરી છેલ્લા છ માસ દરમિયાન ઘણી ચોરી કરી લીધી છે જેના આધારે તપાસ હાથ ધરાઈ હતી. ઝડપાયેલા તમામ શખ્સોની ઓળખ કરી લેવામાં આવી છે જેમાં શખ્સો કિરણ જાડિયો, પ્રકાશ કાનો, કિરીટભાઈ, જતિનભાઈ, સુનિલ બબલુ, રવિરાજ તરીકે ઓળખાયા છે. ઝડપાયેલા તમામ શખ્સો શહેરના જ છે અને મોટાભાગે મણિનગર પૂર્વના છે. કિરણ જાડિયો અને પ્રકાશ કાનો મણિનગર પૂર્વના છે જ્યારે કિરીટભાઈ હાથીજણનો છે. સુનિલ બબલુ પણ મણિનગર પૂર્વનો રહેવાસી છે જ્યારે રવિરાજ નારોલનો રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે. પુછપરછ દરમિયાન ચોંકાવનારી વિગત સપાટી ઉપર આવી હતી. કિરીટ નરસિંહભાઈ ક્રિશ્ચિયન, કિરણ જાડિયો, રવિરાજ, પ્રકાશ કાનો એલિસબ્રિજ પોલીસ સ્ટેશનમાં વોન્ટેડ છે જ્યારે કિરણ જાડિયો તડિપાર પણ છે. પોલીસે આરોપીઓની વધુ પુછપરછ જારી રાખી છે. તેમની મોડેસ ઓપરેન્ડી ખુબ જ ખતરનાક હતી.



## ખેડબ્રહ્મામાં એકતા દોડ યોજાઈ

ખેડબ્રહ્મા નગરપાલિકાના સેવા સદન ખાતેથી સરદાર વલ્લભભાઈ પટેલ જન્મ જયંતિ નિમિત્તે રન ફોર યુનિટી દોડનું આયોજન કરવામાં આવ્યું હતું. આ એકતા દોડનું સેવા સદન ખાતેથી પ્રસ્થાન ખેડબ્રહ્મા એ.પી.એમ.સી.ના ચેરમેન લીલી ઝંડી આપી કરાવ્યું હતું. બાદ સર્વે મહાનુભાવોએ સરદાર પટેલની પ્રતિમાને સુતરની આટી પહેરાવી એકતા માટેના સંકલ્પ લીધા હતા. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

# પ્રાંતિજમાં ગંદકી ફેલાવતા વેપારીઓ દંડાયા

## નગરપાલિકાતંત્રએ ગંદકી ફેલાવતા અને પ્લાસ્ટીકનો ઉપયોગ કરતા દંડ ફટકાર્યો હતો : પાંચ હજારથી વધુનો દંડ વસુલ્યો

પ્રાંતિજ, તા. ૨

પ્રાંતિજ નગરપાલિકા દ્વારા શહેરમાં ગંદકી ફેલાવતા તથા પ્લાસ્ટીકનો ઉપયોગ કરતા કેટલાક વેપારીઓને દંડ ફટકારી સ્થળ પર જ દંડ વસુલવામાં આવ્યો હતો.

પ્રાંતિજ ખાતે નગરપાલિકા તંત્ર દ્વારા થોડા સમય અગાઉ શહેરના વેપારીઓ સામે લાલ આંખ કરી હતી અને સ્વચ્છતા જાળવવા જાહેરમાં ગંદકી ન કરવા, ૨૦ માઈક્રોનથી નીચેની પ્લાસ્ટીકની બેગનો ઉપયોગ ન કરવા જણાવ્યું હતું.

પરંતુ વારંવારની રજૂઆતો કરવા છતાં વેપારીઓ બિન્દાસ બની જતા પાલિકાની અલગ-અલગ ચાર જેટલી ટીમોએ શહેરના મુખ્ય બજારોમાં ઓચિંતા દરોડા પાડી વેપારીઓને દંડ ફટકાર્યા હતા. આ ઝુંબેશમાં નગરપાલિકાની ટીમે સ્થળ પર જ કુલ ૫૦૦૦ થી વધુનો દંડ વસુલ્યો હતો.



## દલિત સમાજના સાધુ-સંતોનું સંમેલન યોજાયુ

પાલનપુરમાં પ્રથમ વખત દલિત સમાજના સાધુ-સંતોનું મહા સંમેલન યોજવામાં આવ્યું હતું. સંમેલન અનિલભાઈ ચક્રવતી પાલનપુર નગરપાલિકા ભાજપ પક્ષના નેતા દ્વારા યોજવામાં આવ્યું હતું. નૂતન વર્ષ નિમિત્તે સંમેલનમાં રાજ્ય ઉપરાંત રાજસ્થાન અને મધ્યપ્રદેશથી મોટી સંખ્યામાં દલિત સમાજના સાધુ-સંતો ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# પ્રાંતિજમાં વીજ ડીપીના ફિઝ બોર્ડમાં આગ લાગતા ભાગદોડ


પ્રાંતિજ, તા. ૨

પ્રાંતિજની ગંગોત્રી સોસાયટી સામે સ્થિત સંઘ કોમ્પલેક્ષ નજીક વીજ ડીપી નીચે ફીઝ બોર્ડમાં સોર્ટસર્કિટ થતાં કોમ્પલેક્ષમાં આગ ભભુકી ઉઠી હતી. જેથી હાજર લોકોમાં ભાગદોડ મચી જવા પામી હતી.

પ્રાંતિજ એપ્રોચ રોડ ઉપર સંઘ કોમ્પલેક્ષ આગળ મુકવામાં આવેલ ડી.પી.માં આજે સોર્ટસર્કિટ થવાના કારણે આગ ભભુકી ઉઠી હતી પરિણામે લોકોમાં ભારે ભાગદોડ મચી જવા પામી હતી. આગને કાબુ લેવામાં રેતી નાખી પ્રયાસ કરવામાં આવ્યો હતો. પરંતુ તેમ છતાં આગ પર કાબુ ન આવતા તુરંત જી.ઈ.બી.માં જાણ કરવામાં આવી હતી. આથી જીઈબીના માણસો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને વીજ પુરવઠો બંધ કરી આગ પર કાબુ મેળવ્યો હતો. આગ લાગતાઆખુ ફીઝ બોર્ડ બળીને ખાખ થઈ ગયું હતું જો કે આ આગમાં કોઈ જાનહાની થવા પામી ન હતી પરંતુ કલાકો સુધી વીજ પુરવઠો બંધ રહેતા હેરાન થઈ ગયા હતા અને લાંબા સમય બાદ વીજ પુરવઠો શરૂ થતાં હાંસકારો લીધો હતો. કોમ્પલેક્ષમાં આગને પગલે માર્ગ પર ભારે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. પોલીસે કલાકોની જહેમત બાદ ટ્રાફિકને હળવો કર્યો હતો.



(તસવીર : સંજય રાવળ, પ્રાંતિજ)



(તસવીર : દશરથ વણઝારા, તલોદ)

# પાલનપુર ખાતે જિલ્લા ભાજપનું નૂતન વર્ષનું સ્નેહમિલન યોજાશે

પાલનપુર, તા. ૨

બનાસકાંઠા જિલ્લા ભારતીય જનતા પાર્ટીનું નૂતન વર્ષનું સ્નેહમિલન તા. ૪-૧૧-૨૦૧૪ ને મંગળવારના સવારે ૯.૩૦ કલાકે, કાનુભાઈ મહેતા હોલ, વિદ્યામંદિર પ્રાંગણ, જેલરોડ, પાલનપુર ખાતે યોજાશે.

આ સ્નેહમિલન કાર્યક્રમમાં પ્રદેશ ભાજપના મહામંત્રી અને રાજ્ય સરકારના મંત્રી શંકરભાઈ ચૌધરી, જિલ્લાના પ્રભારી મંત્રી રમણભાઈ વોરા, જિલ્લા ભાજપના પ્રભારી દુષ્યંતભાઈ પંડ્યા, જિલ્લા ભાજપ પ્રમુખ-ધારાસભ્ય કેશાજી ચૌહાણ, ધારાસભ્ય પરબતભાઈ પટેલ, પૂર્વ મંત્રી કાન્તિભાઈ કચોરીયા, હરજીવનભાઈ પટેલ, જિલ્લાના પૂર્વ ધારાસભ્યો સહિત પ્રદેશ ભાજપના જિલ્લાના હોદ્દેદારો, જિલ્લા ભાજપના પદાધિકારીઓ, વિવિધ મંડલોના પદાધિકારીઓ, વિવિધ સેલ-મોરચાના હોદ્દેદારો, જિલ્લા કારોબારીના સદસ્યો, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતો અને નગરપાલિકાના પદાધિકારીઓ, સહકારી અગ્રણીઓ અને જિલ્લા ભરમાંથી અગ્રણી કાર્યકરો ઉપસ્થિત રહી અન્યોને નવા વર્ષની શુભકામનાઓ પાઠવશે. જિલ્લાભરના કાર્યકરોને આ સ્નેહમિલન કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા જિલ્લા પ્રમુખ કેશાજી ચૌહાણે અનુરોધ કર્યો છે.



## ગુજરાત-રાજસ્થાન સરહદ પર મુસ્લિમ સમાજ દ્વારા ધાર્મિક (કવાલી) કાર્યક્રમ યોજાયો

ગુજરાત-રાજસ્થાન સરહદ પર આવેલ ચોકી ગામ પાસે મુસ્લિમ સમાજ દ્વારા મુંબઈથી પધારેલ ધર્મગુરુ પીર સાહેબની હાજરીમાં ધાર્મિક (કવાલી) કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં હિંદુ-મુસ્લિમ તથા તમામ ધર્મના મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા. કવાલી કાર્યક્રમમાં બાબાએ તેમના ગુરુજી તરફથી એકતાનો અને ઈન્સયાતીનો પેગામ આપ્યો હતો અને તેનાથી બધાજ ધર્મના લોકો ખુશ થઈ ગયા હતા. આ ધાર્મિક પ્રસંગે મસ્તાન બાવા (જોગનાડી. જાવિયા) ધાનેરા નગરપાલિકાના પ્રમુખ બળવંતજી રાવ મેત્રીવાડાના ઠાકોર તથા શીલશીલા-એ-કાદરી ચેરીટેબલ ટ્રસ્ટના અગ્રણી જમીનભાઈ એસ. પ્રમુખ અલ્લાબક્ષ કાદરી તેમજ મોટી સંખ્યામાં તમામ ધર્મના અગ્રણીઓ અને લોકોએ હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# મહિયલ ખાતે બાપા સીતારામ મઢીનું નવીનીકરણ કરાયું

તલોદ, તા. ૨

મહિયલ ગામના તળાવની તળેટીમાં બાપા સીતારામની મઢીનું નવીનીકરણ નિમિત્તે મહંત વિઠ્ઠલભાઈ ગોવિંદપુરી મહારાજે સતત ૪૧ દિવસ નકોડા ઉપવાસ કરી પ્રભુની આરાધના કરી હતી.

પુ. વિઠ્ઠલભાઈ મહારાજની પ્રભુ ભક્તિને ગીરનારના મહંત ગુલાબગીરી મહારાજે બિરદાવી અનુષ્ઠાન અભિષેક કરાવ્યા હતા અને બાપા સીતારામની મઢીના નવીનીકરણ નિમિત્તે આશીર્વચન આપી સત્સંગ અને ભજન કીર્તન જેવી સદાવ્રત કામગીરીને બિરદાવી હતી. સતત ૪૧ દિવસ સુધી આશ્રમમાં બાપા સીતારામના નારા ગુંજતા ભક્તીમય વાતાવરણની સુવાસ ફેલાઈ હતી. આવતીકાલ અગિયારસે બાપા સીતારામ મઢીએ મોટી સંખ્યામાં મહંતના આશીર્વાદ લેવા તેમના શિષ્યો ઉમટશે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય

ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...

(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA

ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮

ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦

મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦